સમય ભિખારી નથી... સમય પરીક્ષક છે.. તપાસે છે.. તાપે છે અને શૂરવીરના માથે યશનું વિજય તિલક કરે છે.. બાકીના ને આપે છે શ્વસનનો પરવાનો!!
- ડૉ. ચંદ્રકાન્ત મહેતા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૭ | ૧૭ જૂન, ૨૦૧૪, મંગળવાર; જેઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

### આજે કેજરીવાલ સરકારી આવાસ ખાલી કરશે

માત્ર થોડાક દિવસો માટે જ



દિલ્હીની ગાદીએ બેસનાર આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલને જે તે સમયે ફાળવવામાં આવેલ સરકારી આવાસ તેઓ ખાલી કરી દેશે. સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર એએપી નેતા કેજરીવાલે દિલ્હીના જંગપુરા, મયુર વિહાર ફેઝ-૨ અને અન્ય જગ્યાએ ભાડાના ૩ મકાન જોયા છે.

### પ્રમુખ સ્વામી મહારાજ ઓગષ્ટમાં અમેરિકા જશે

વિશ્વભરમાં સૌથી વધુ



૧૧૦૦ જેટલા મંદિરો બનાવવાનો રેકોર્ડ બીએપીએસના વડા પૂ. પ્રમુખસ્વામી મહારાજને નામે છે. તેઓની પ્રેરણાથી જ ગાંધીનગર અને દિલ્હી બાદ અમેરિકાના ન્યુજર્સી-રોબીન્સવિલ ખાતે અક્ષરધામનું નિર્માણ થઈ રહ્યું છે. ૯૩ વર્ષીય પ્રમુખ સ્વામી મહારાજ ઓગષ્ટ-૨૦૧૪ના પ્રથમ પખવાડિયામાં તેની મુલાકાતે અમેરિકા જશે.

### રાજકોટમાં ૫ કિલો વજન ધરાવતી હાઈબ્રીડ કેરી મળી



શહેરમાં કેરીની વિવિધ જાતોની સાથે આ વર્ષે હાઈબ્રીડ કેરીએ પણ આકર્ષણ જમાવ્યું છે. રાજકોટના બજારોમાં આવી હાઈબ્રીડ જાતની ૧.૫ થી ૫ કિલો વજન ધરાવતી કેરીઓ મળી રહી છે. હાઈબ્રીડ કેરીને કલમી કેરી તરીકે પણ ઓળખવામાં આવે છે. રાજાપુરી, સુંદરી, દાડમ, તોતા, કેસર સહિતની વિવિધ જાતોની કલમથી તે તૈયાર કરવામાં આવે છે.

### પૃથ્વીના પેટાળમાં સૌથી વિશાળ જળાશય

ભવિષ્યમાં અબજોની સંખ્યામાં લોકોની તરસ છીપાવી શકાય તેવું પૃથ્વીના પેટાળમાં છુપાયેલુ દુનિયાનું સૌથી વિશાળ




જળાશય મળી આવ્યું છે. આ મહાકાય જળાશય પૃથ્વીના પેટાળમાં ૬૪૦ કિમી ઉંડાણમાં ખડકોની વચ્ચે આવેલું છે. નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ ન્યુ મેકિસકોના સંશોધકોએ આ જળાશય બ્રાઝિલમાં આવેલા જવાળામુખના તળીયેથી શોધી કાઢયું છે.

# કૃષિ વિકાસ માટે વિશેષ જોગવાઈ કરાશે

## આગામી બજેટમાં કૃષિ વિકાસની જોગવાઈ માટે રાજ્યમંત્રી મંડળની પેટા સમિતિ રચાઈ, એક સપ્તાહમાં અહેવાલ આ સમિતિ આપશે : કૃષિ વિકાસ વર્ષની ઉજવણી તેમજ નવી યોજનાઓ અંગે પોતાના અહેવાલમાં વિસ્તૃત વિગતો સમાવશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય સરકાર દ્વારા આગામી બજેટમાં કૃષિક્ષેત્રે નવી યોજનાઓ જાહેર કરે તેવા સીધા સંકેતો પ્રાપ્ત થયા છે. આ માટે સરકારે ગંભીરતાથી વિચારણાઓ પણ આરંભી દીધી છે.

સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિરમાં યોજાયેલ મહિલા ખેડૂત સંમેલન દરમ્યાન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ચાલુ વર્ષને કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવાની કરેલી ઘોષણા બાદ હવે આ ઉજવણી અને તેના સંદર્ભમાં કેટલીક મહત્વની વાતો બજેટમાં વણી લેવાય તે માટે પાંચ સિનીયર મંત્રીઓની એક સબકમિટી પણ બનાવી દીધી છે.

આ સમિતિ રાજ્યમાં વર્ષ દરમ્યાન ઉજવવામાં આવનારા વિવિધ કાર્યક્રમો પણ આખરી કરશે. આ ઉપરાંત રાજ્ય સરકારને નવી યોજનાઓ સંદર્ભે પોતાનો વિગતવાર અહેવાલ રજુ કરશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વડપણ હેઠળ રચાયેલ આ સમિતિમાં શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી બાબુભાઈ બોખીરીયા, શ્રી છત્રસિંહ મોરી અને શ્રી ગોવિંદભાઈ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે સમિતિના સભ્ય સચિવ તરીકે કૃષિ વિભાગના અગ્ર સચિવશ્રી રાજકુમાર રહેશે.

આ સમિતિ દ્વારા પોતાનો વિગતવાર અહેવાલ એક સપ્તાહમાં જ મંત્રીમંડળ સમક્ષ રજુ કરવાનો હોવાથી વિચારણાઓ ગંભીરતાપૂર્વક ચાલી રહી હોવાનું સૂત્રોએ કહ્યું છે.

ખાસ કરીને ખેડૂતોને ઓછા વ્યાજે લોન, મહિલા ખેડૂત માટે પણ પોત્સાહક યોજનાઓ જાહેર કરાય તેમજ કેટલીક જુની યોજનાઓ જે હવે સુસંગત નથી તેને બદલે નવી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

ટ્રાફીક અવેરનેસ - આજકાલ ટ્રાફીકના નિયમો પરત્વે બેજવાબદારી વધતી જાય છે... સીગ્નલોની અવગણના કરવી... ટ્રાફીક પોલીસ તરફ દુર્લક્ષ્ય સેવવું... રોંગ સાઈડથી સર્કલ ઓળંગવું... સાઈડ આપવામાં ધાંધીયા કરવા... ગમે ત્યાં ગમે ત્યારે વાહન થોભાવવું... ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી... સીટ બેલ્ટ કે હેલમેટના કાયદાનો ભંગ કરવો... આમ અનેક રીતે ટ્રાફીકના નિયમોની જાણી જોઈને અવગણના કરવાની વધતી જતી ફેશન અકસ્માતો નોતરે છે... ટ્રાફીક જામ કરે છે... અને ટ્રાફીક સમસ્યાઓમાં વધારો કરે છે... વિદેશના વખાણ કરતાં દેશના નાગરિકોને કહી શકાય કે દરેક નાગરિક પોતે જવાબદાર નાગરિક બને અને ટ્રાફીકના બધા જ નિયમોનું અક્ષરશઃ પાલન કરે તો આપણા જ દેશની વ્યવસ્થા વિદેશો કરતાં સેંકડો ગણી સારી અને અસરકારક બની શકે એમ છે... માત્ર જરૂર છે ઈચ્છા શક્તિની અને વ્યક્તિગત સુધારની... આપો આપ સામુહિક વ્યવસ્થા ગોઠવાઈ જશે...

# કનેકટીવીટી ખોરવાતા જનસેવા કેન્દ્રની સેવાઓ પર વિપરીત અસરો

## મંગળવારે સવારે ૮ વાગે જનસેવા કેન્દ્ર શરૂ થશે : જી-સ્વાનની કથળતી સેવાઓ હવે તંત્ર પણ સાંભળતુ નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે જી-સ્વાન નેટવર્કની કનેક્ટીવીટી વારંવાર ખોરવાતાં જનસેવા કેન્દ્રની સેવાઓ પર વિપરીત અસરો પડી હતી. તંત્રએ લોકોને પડેલી હાલાકીનો સ્વીકાર કરી મંગળવારે સવારે ૮.૦૦ વાગ્યાથી જનસેવા કેન્દ્રની સેવાઓ

● અનુસંધાન પાન-૭ પર

### બેંક ઓફ બરોડા અને એસ.બી.આઈ.ના સર્વર ડાઉન થતાં ગ્રાહકો પરેશાન થયા

ગાંધીનગર શહેરમાં આજે કોમ્પ્યુટર નેટવર્કની કનેક્ટીવીટી ખોરવાતાં સે. ૧૧માં આવેલ ઓફિસો અને બેંકોમાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.સે. ૧૧માં આવેલ બેંક ઓફ બરોડા, ઉદ્યોગભવન સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં કનેક્ટીવીટી ન હોવાના કારણે ગ્રાહકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.



સુરેન્દ્રનગરનાં યુવાન હરિભાઈ રાઠોડ ગઈકાલે ગાંધીનગરથી દિલ્હી સુધી છુટા હાથે મોટરબાઈક પર સાહસભરી યાત્રાનો આરંભ કર્યો હતો. આ પ્રસંગે આઈ.કે. જાડેજા, શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ તેમજ ભારતીય જનતા પાર્ટીના હોદેદારો, કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બહેનો દ્વારા બાઈકસવાર હરિભાઈ રાઠોડને કંકુ તીલક કરી હાથે રક્ષા રાખડી બાંધી મોઢું મીઠું કરાવી વિદાય આપી હતી. ઉલ્લેખનીય છે કે છુટાહાથે આ બાઈકને ક્યાંય પણ અટક્યા વિના દિલ્હી સુધી પહોંચશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# વરસાદની હાથતાળી

## વહેલી સવારે વરસાદની આશા બંધાઈ હતી પરંતુ બપોર બાદ વાદળો વિખેરાઈ જતા ગાંધીનગરાઓ ભારે બફારામાં હેરાન થયા

ગાંધીનગર, તા.૧૬

દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પડયા બાદ ગાંધીનગરાઓ વરસાદની આશા લઈને બેઠા છે. સોમવારે વહેલી સવારે આકાશમાં વરસાદી માહોલ પણ બંધાયો હતો જો કે બપોર બાદ વાદળો વિખેરાઈ જતા વરસાદે હાથ તાળી આપી દીધી હતી.

ભારે બફારો અને આકાશમાં વારંવાર ઘેરાઈ આવતા કાળા ડિબાંગ વાળો વરસાદની એંધાણી આપી રહ્યા છે. રવિવારે સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડયા બાદ ગાંધીનગરવાસીઓ પણ વરસાદની આશા રાખીને બેઠા હતા. સોમવારે સવારે તો આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. હમણાં જ ધોધમાર વરસાદ પડશે તેવું લાગતું હતું. ઘણા દિવસોથી આકરી ગરમી અને તાપ સહન કરનાર ગાંધીનગરના વસાહતીઓ વરસાદી વાતાવરણથી એકદમ ઉત્સાહમાં આવી ગયા હતા. મોરલાઓએ ટહુકાઓથી સમગ્ર વાતાવરણને ગજવી દીધું હતું. કયાંક કયાંક છાંટા પણ પડયા હતા. જો કે મૌસમનો પ્રથમ કહી શકાય તેવો વરસાદ પડયો ન હતો. જો કે જેમ જેમ દિવસ ઉગતો ગયો તેમ તેમ વાદળો પણ વિખેરાવવા લાગ્યા હતા. બપોર સુધીમાં તો આકરો તડકો પડવા માંડયો હતો અને ગરમી વધવા માંડી. વરસાદની આશા પર પાણી ફરી વળ્યું હતું. વસાહતીઓ વરસાદ ન પડતા નિરાશ થઈ ગયા હતા. આજે મહત્તમ તાપમાન ૩૮.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૪૯ ટકા નોંધાયું હતું. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં સત્તાવાર ચોમાસુ બેસી ગયું હોવાની જાહેરાત કરી છે. હવામાન વિભાગે એ પણ જાહેરાત કરી છે કે આગામી એક અઠવાડિયામાં રાજયના ઘણા ભાગોમાં ચોમાસાનું આગમન થઈ જશે.



(તસવીર : નરેન્દ્ર રાવલ)

# રાજ્યના ૬૭ તાલુકાઓમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહ દરમ્યાન પડેલી કાળઝાળ ગરમી બાદ સૌરાષ્ટ્રના જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મેઘરાજાએ અનરાધાર પધરામણી કરતાં આ જિલ્લાના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ જવા પામ્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૫ જિલ્લાના ૬૭ તાલુકાઓમાં મેઘરાજાએ પધરામણી કરી છે.

જૂનાગઢ જિલ્લાના મેંદરડામાં તેમજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનારમાં સૌથી વધુ ૩૮૦ મી.મી. એટલે કે ૧૫ ઈંચ જેટલો ભારે વરસાદ થવા પામ્યો છે. મેંદરડામાં ૨૯૩ મી.મી., જૂનાગઢ શહેરમાં ૨૧૬ મી.મી., તલાલામાં ૧૯૧ મી.મી., વંથલીમાં ૧૭૨ મી.મી., માણાવદરામાં ૧૩૪ મી.મી., માળીયામાં ૧૨૩ મી.મી., સૂત્રપાડામાં ૧૩૮ મી.મી., ઉનામાં ૧૬૧ મી.મી. જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે.

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પડેલા સાંબેલાધાર વરસાદને કારણે આ જિલ્લામાં ઠેર ઠેર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાવા

● અનુસંધાન પાન-૭ પર

### એક સાથે ૧૦૮ ગ્રંથોનું શાનદાર વિમોચન

અમદાવાદ, તા.૧૫

પાલીતાણા સાંચોરી ભુવન ખાતે મહાન જૈનાચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ આચાર્ય કલ્યાણ બોધિસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ પરિવારની નિશ્રામાં તા ૧૦/૭/૧૪ ના રોજ ૧૦૮ આગમાનુસારી શાસ્ત્ર ગ્રંથોનો શાનદાર વિમોચન પ્રસંગ ઉજવાશે.

શ્રીજિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ ગ્રંથો નવસર્જીત છે તો પુનરૂદ્ધૃત પણ છે.

એક સાથે ૧૦૮ ગ્રંથોનુ વિમોચન એ જિનશાસનના ઈતિહાસમાં સુવર્ણ પૃષ્ઠઉપર અંકિત થાય એવી વિરલ ઘટના કહી શકાય આચાર્યશ્રી તથા તેમના શિષ્યોનો વર્ષોનો સખત જ્ઞાન પરિશ્રમ..... અનેક સંઘોનો અપૂર્વ સહકાર... અને ટ્રસ્ટના યોગદાનથી માં સરસ્વતીનુ આ કાર્ય શિખરે પહોચ્યુ છે.


**જોઈએ છે**

**એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ**

કંપનીનું સ્વતંત્રપણે બેન્કીંગ અને એકાઉન્ટીંગનું કામકાજ સંભાળી શકે તેવા ૩ વર્ષ કે વધુ અનુભવી

સંપર્ક : સંગીનીતા કેમીકલ્સ પ્રા.લી.

૩૦૧, શાલીન કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

તા. ૨૦/૬/૧૪, સમય : ૧૧-૩૦ કલાકે

**GPSC** (1/2)

CSAT/GS

માસ્ટર કોર્ષ-2014 (વર્ગ 3 માટે ખાસ બેચ)

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 | બેચ શરૂ થવાની તારીખ 19/6, 26/6, 10/7 | 20/6, 27/6, 3/7, 10/7 | મહેસાણા 9537614607

**પ્રવેશ સંપૂર્ણ બંધ છે.**

(ચાર માસ માટે)

**નમ્ર વિનંતી**

કામની શ્રેષ્ઠ ગુણવત્તા તથા દરેક બેચમાં મર્યાદિત સંખ્યાના સિદ્ધાંતને કારણે હાલ કોઈપણ બેચમાં પ્રવેશ આપી શકું તેમ નથી તે બદલ ક્ષમા અર્ચના...

GPSC-I, II ની તૈયારી માટે હાલ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પૂરતો સમય ફાળવી, ખુબ મહેનત કરાવી શકું તે હેતુથી 4 માસ માટે પ્રવેશ સંપૂર્ણ બંધ કરેલ છે. તેથી ફોન પર કે રૂબરૂ સંપર્ક ન કરવા વિનંતી.



આપ સૌએ મારા પર મુકેલ વિશ્વાસ તથા આપેલ અભૂતપૂર્વ સહકાર બદલ આપનો અંતઃકરણપૂર્વક આભાર..

- આપનો ઋણાનુરાગી... રાજુભાઈ પટેલ

**વિવેકાનંદ એકેડમી**

677, ત્રીજે માળ, [illegible] સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર.